# BIOLOGY

1) Bacillus amyloliquefaciens H માંથી મેળવાયેલ ઉત્સેચક ક્રમ I માટે રિસ્ટ્રિક્શન ઉત્સેચકનું સાચું નામ કરણ કયું થશે?

(A) Baam HI

(B) Bam HI

(C) Bac HI

(D) Bam IH

2) વસ્તીમાં એક જાતિને હાનિ થાય છે, જ્યારે બીજી જાતિ અપ્રભાવિત રહે છે. આ કયા પ્રકારની વસ્તી આંતર ક્રિયા છે?

(A) સહભોજિતા

(B) સ્પર્ધા

(C) પ્રતિજીવન

(D) પરોપજીવન

3) દૈહિક સંકર જાત મેળવવા માટે, બે ભિન્ન વનસ્પતિ જાતના કયા ઘટકનું સંયોજન કરવામાં આવે છે?

(A) જીવરસ

(B) પરાગરજ

(C) નર-માદા જન્યું

(D) અંડકોષ

4) ચકલી બીજ ખાય છે આ પછી ચકલી કીટકો ખાય છે. - આ બંન્ને પરિસ્થિતી માટે તેનું પોષક સ્તર અનુક્રમે કયું થશે?

(A) દ્વિતીય-તૃતીય

(B) પ્રથમ-દ્વિતીય

(C) તૃતીય-ચતુર્થ

(D) પ્રથમ-તૃતીય

5) પ્રકૃતિ દ્વારા પ્રદાન કરવામાં આવતો ઓક્સિજન એ જૈવ-વિવિધતાના સંરક્ષણ માટેની કયી દલીલ છે?

(A) વ્યાપક ઉપયોગિતાવાદી દલીલ

(B) સંક્ષિપ્ત રીતે ઉપયોગી દલીલ

(C) અપ્રત્યક્ષ (અમૂર્ત) લાભની દલીલ

(D) નૈતિક દલીલ

(રફ કામ)




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

6) વિધાન (A) : જનીનિક દૃષ્ટિએ ગેઈટોનોગેમી સ્વફલ સાથે સમાનતા ધરાવે છે.
કારણ (R) : ગેઈટોનોગેમીમાં પરાગરજ એજ વનસ્પતિ પરથી આવે છે.
(A) વિધાન A સાચું છે, જ્યારે કારણ R ખોટું છે.
(B) વિધાન A અને કારણ R બંને સાચા છે.
કારણ R એ વિધાન A ની સાચી સમજૂતી છે.
(C) વિધાન A અને કારણ R બંને સાચા છે.
કારણ R એ વિધાન A ની સાચી સમજૂતી નથી.
(D) વિધાન A ખોટું છે, જ્યારે કારણ R સાચું છે.

7) **A) સામાન્ય વિદ્યાર્થીઓ માટે**

નીચે આપેલ આકૃતિમાં નિર્દેશિત ભાગ 'X', 'Y' અને 'Z' શું દર્શાવે છે?




(A) X – ફલાવરણ, Y – મૂળાગ્ર, Z – ભ્રુણપોષ
(B) X – બીજાવરણ, Y – બીજપત્ર, Z – ભ્રુણપોષ
(C) X – બીજાવરણ, Y – ભ્રુણપોષ, Z – બીજપત્ર
(D) X – ફલાવરણ, Y – ભ્રુણપોષ, Z – વરૂથિકા

7) **B) ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે**
ઘાસના કુળમાં આવેલ બીજપત્રને ............... કહે છે.
(A) ઉપરાક્ષ (B) અધરાક્ષ
(C) વરુથિકા (D) ભ્રુણાગ્રચોલ

(રફ કામ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

8) શુક્રપિંડની શુક્રઉત્પાદક નલિકાઓ, ___‘X’___ મારફતે ___‘Y’___ માં ખૂલે છે.

(A) X - શુક્રવાહિકા, Y - અધિવૃષણ નલિકા

(B) X - શુક્રવાહિકા, Y - વૃષણજાળ

(C) X - વૃષણજાળ, Y - સ્ખલન નલિકા

(D) X - વૃષણજાળ, Y - શુક્રવાહિકા

9) પુરુષ અને સ્ત્રી બંન્નેમાં વાપરી શકાય તેવી ગર્ભઅવરોધક પધ્ધતિઓ માટે સાચો વિકલ્પ કયો છે?

(A) IUDs અને અવરોધ

(B) અવરોધ અને વંધ્યીકરણ

(C) અવરોધ અને આરોપણ

(D) આરોપણ અને વંધ્યીકરણ

10) એક જ રંગસૂત્રના બે જનીનોના ભૌતિક જોડાણ માટે કયો શબ્દ વાપરવો વધુ યોગ્ય રહેશે?

(A) સહલગ્નતા

(B) જનીન પ્રવાહ

(C) પ્લીઓટ્રોપી

(D) પુનઃ સંયોજન

11) UTR નું પૂર્ણ નામ શું છે?

(A) Un Translated Regions

(B) Uni Translated Regions

(C) Ultra Transcribed Regions

(D) Unbound Transcribed Regions

(રફ કામ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

12) કોલમ – I અને કોલમ – II માંથી સાચી જોડ ધરાવતો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | કોલમ - I | | કોલમ - II |
|---|---|---|---|
| (i) | 65 મિલિયન વર્ષ પૂર્વે | (p) | સમુદ્રની શેવાળ અસ્તિત્વ ધરાવતી હતી. |
| (ii) | 350 મિલિયન વર્ષ અગાઉ | (q) | અપૃષ્ઠવંશીઓ ઉદ્‌ભવ્યા |
| (iii) | 500 મિલિયન વર્ષ અગાઉ | (r) | જડબાંવિહીન માછલી ઉદ્‌ભવી |
| (iv) | 320 મિલિયન વર્ષે પૂર્વે | (s) | ડાયનોસોર અદૃશ્ય થયા |

(A) (i - s), (ii - r), (iii - p), (iv - q)
(B) (i - s), (ii - r), (iii - q), (iv - p)
(C) (i - r), (ii - p), (iii - s), (iv - q)
(D) (i - q), (ii - p), (iii - s), (iv - r)

13) કયા રાસાયણિક ઘટકની ઉપયોગની આડઅસરથી સ્ત્રીઓમાં ભગ્ન શિશ્નિકામાં વધારો થાય છે?

(A) પેપ્ટાઈડ અંતઃ સ્ત્રાવો
(B) ડાયુરેટિક્સ દવાઓ
(C) એનાબોલિક સ્ટેરોઈડ
(D) માદક પીડા હારક દવાઓ

14) નીચે પૈકી કયા જીવાણું ભૂમિમાં મુક્તજીવી તરીકે વસે છે?

(A) રાઈઝોબિયમ
(B) ટ્રાયકોડર્મા
(C) ઓસિલેટોરિયા
(D) એઝોસ્પિરીલિયમ

15) DNA ના પટ્ટાઓને એગેરોઝ જેલમાંથી કાપીને બહાર કાઢવામાં આવે છે અને જેલના ટુકડાઓથી અલગ કરવામાં આવે છે. આ પ્રક્રિયાને શું કહે છે?

(A) જૈવ પ્રાક્ષેપિકી
(B) છાલન
(C) સૂક્ષ્મ અંતઃ ક્ષેપણ
(D) પ્રવર્ધન

(રફ કામ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

16) વર્તમાન સમયમાં લગભગ .............. જેટલા પુનઃ સંયોજિત ચિકિત્સકીય ઔષધો વિશ્વમાં મનુષ્યના ઉપયોગ માટે સ્વીકૃત કરવામાં આવ્યા છે.

(A) 15

(B) 10

(C) 25

(D) 30

17) એક જંગલમાં હરણની વસ્તી 100 છે. ત્યાં શિકારીઓ ઓછા અને ખોરાક પૂરતો છે. વાર્ષિક 30 બચ્ચાં જન્મે છે અને 10 નું મૃત્યુ થાય છે તો આ વસ્તીનો પ્રાકૃતિક વૃધ્ધિનો આંતરિક દર કેટલો હશે?

(A) 0.2

(B) 0.4

(C) 0.18

(D) 0.015

18) વિઘટનની પ્રક્રિયાના સંદર્ભમાં નીચે પૈકી સાચા વિધાનો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. આર્દ્રતા યુક્ત પર્યાવરણ વિઘટન માટે અનુકૂળ છે.

2. ઓછું તાપમાન અને અજારક જીવન વિઘટનને અવરોધે છે.

3. નાઈટ્રોજન યુક્ત મૃત અવશેષી ઘટકો વિઘટનને અવરોધે છે.

4. મૃત અવશેષીય ઘટકો કાઈટિનસભર હોય ત્યારે વિઘટનનો દર ઝડપી હોય છે.

5. હૂંફાળું પર્યાવરણ વિઘટન માટે અનુકૂળ છે.

(A) 3, 4, 5 સાચાં છે.

(B) 1, 2, 3, 5 સાચાં છે.

(C) 1, 2, 5 સાચાં છે.

(D) 1, 5 સાચાં છે.

---

(રફ કામ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

19) કોલમ - I અને કોલમ - II માંથી સાચી જોડ ધરાવતો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| કોલમ - I | કોલમ - II |
|---|---|
| (i) ડોડો | (p) આફ્રિકા |
| (ii) ક્વેગા | (q) મોરેશિયસ |
| (iii) થાયલેસિન | (r) રશિયા |
| (iv) સ્ટીલર સી કાઉ | (s) ઑસ્ટ્રેલિયા |

(A) (i - s), (ii - r), (iii - q), (iv - p)
(B) (i - r), (ii - s), (iii - p), (iv - q)
(C) (i - q), (ii - r), (iii - s), (iv - p)
(D) (i - q), (ii - p), (iii - s), (iv - r)

20) જો આવૃત બીજધારી વનસ્પતિના ભ્રુણપોષી કોષમાં 24 રંગસૂત્રો હોય તો તે છોડના MMC માં કેટલા રંગસૂત્રો હશે?
(A) 12
(B) 32
(C) 16
(D) 8

21) નીચે પૈકી કયો અંતઃ સ્ત્રાવ જરાયુ દ્વારા સ્ત્રાવ પામતો નથી?
(A) ઈસ્ટ્રોજન્સ
(B) ગોનાડોટ્રોફિન
(C) હ્યુમન પ્લેસેન્ટલ લેક્ટોજેન
(D) રિલેક્સિન

(રફ કામ)


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


FREE!
JEE & NEET
GUJCET
ગુજરાતી -- English -- हिन्दी
• PYQ Mock Test
• Chapter & Topic-Wise PYQs (Updated 2026)
• NCERT Line by Line MCQs.
• AR, Statement, Diagram Based Questions.
• Detailed Step-by-Step Solutions
ExamBro
Preparing for Medical
Preparing for Engineering
# Exam Bro
CLICK HERE!
Download Now
EXAMBRO
For Students
Questions by Chapter
View All
JEE Mains
NEET
GUJCET
2026 Qs ADDED
Toolbox
NCERT Line by line
AR & Statement
Diagram
Chapter wise PYQ
View All
JEE Mains
NEET
GUJCET
2026 Qs ADDED
NEW
PYQ Mock Tests
Join Online Mock Tests
Chapter AI
Your Smart Learning Assistant for Every Chapter
Home
Tests
My Exams
Profile
ExamBro

22) નીચે પૈકી કઈ સહાયક પ્રજનન પધ્ધતિમાં ફલન શરીરની અંદર થાય છે?

(A) IUT
(B) GIFT
(C) ZIFT
(D) ICSI

23) વિકૃતિના સંદર્ભમાં અસંગત વિકલ્પ કયો છે?

(A) હ્યુગો-દ- વ્રિસના મતે વિકૃતિનાની અને દિશાસૂચક છે.
(B) તે DNA ના અનુક્રમમાં આવતો વૈકલ્પિક બદલાવ છે.
(C) દ-વ્રિસ પ્રમાણે વિકૃતિ જ જાતિ નિર્માણનું કારણ છે.
(D) તેના પરિણામે સજીવના જનીન પ્રકાર અને સ્વરૂપ પ્રકારમાં પરિવર્તન આવે છે.

24) મેસેલ્સન અને સ્ટાલના પ્રયોગમાં ભારે DNA અણુને સામાન્ય DNA થી .............. ના ઘનત્વ ઢોળાંશમાં સેન્ટ્રીફ્યુગેશન કરવાથી અલગીકૃત કરી શકાય છે.

(A) ઈથીડિયમ બ્રોમાઈડ
(B) $NH_4Cl$
(C) CsCl
(D) ટ્રાયક્લોરો એસિટીક એસિડ

25) ભૂસ્તરીય સમય અનુસાર અનાવૃત બીજધારી વનસ્પતિઓનો 'નિટેલ્સ' ગોત્ર કયા સમયમાં ઉદ્ભવ્યો હશે?

(A) જુરાસિક
(B) પરમિયન
(C) ટ્રાયસિક
(D) ક્રિટેસીઅસ


(રફ કામ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

26) A) **સામાન્ય વિદ્યાર્થીઓ માટે**

નીચેનું રાસાયણિક બંધારણ ધરાવતો અણું કુદરતી રીતે કઈ વનસ્પતિમાંથી મળે છે?




(A) Erythroxylum coca

(B) Papaver somniferum

(C) Cannabis sativa

(D) Atropa belladona

26) B) **ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે**

મોર્ફિનના એસિટાયલેશનથી કયું ડ્રગ મેળવવામાં આવે છે?

(A) હસીસ

(B) ચરસ

(C) સ્મેક

(D) કોક

(રફ કામ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

27) નીચે આપેલ કોષ્ટકનો કયો વિકલ્પ <u>અસંગત</u> છે?

| વિકલ્પ | સૂક્ષ્મજીવ | મેળવાતો ઘટક | ઉપયોગ |
|---|---|---|---|
| (A) | મોનાસ્કસ પુર્પુરિયસ | સાયક્લોસ્પોરિન - A | અંગ પ્રત્યારોપણમાં પ્રતિકારકતા ઘટાડનાર ઘટક તરીકે |
| (B) | એસ્પરજીલસ નાઈઝર | સાઈટ્રિક એસિડ | ઔદ્યોગિક ઉત્પાદનમાં |
| (C) | સ્ટ્રેપ્ટોકોક્સ | સ્ટ્રેપ્ટોકાઈનેઝ | Clot buster તરીકે |
| (D) | સેક્કેરોમાયસિસ સેરિવિસી | ઈથેનોલ | આથવણ યુક્ત પીણાં તરીકે |

28) PCR પ્રક્રિયાના વિસ્તૃતિકરણ તબક્કામાં કયા ઉત્સેચકનો ઉપયોગ થાય છે?

(A) DNA - હેલિકેઝ
(B) Taq પોલિમરેઝ
(C) રિસ્ટ્રિક્શન એન્ડોન્યુક્લિએઝ
(D) DNA - લાયગેઝ

29) RNA અંતઃ ક્ષેપ પધ્ધતિમાં વિશિષ્ટ mRNA, પૂરક .......... સાથે જોડાયા બાદ નિષ્ક્રિય થઈ જાય છે.

(A) ds - RNA
(B) ds - DNA
(C) ss - RNA
(D) ss - DNA

30) કોના ક્ષેત્ર પ્રયોગોએ દર્શાવ્યું કે,
"પથરાળ સમુદ્રતટ પર મોટા અને સ્પર્ધી રૂપે ઉત્તમ બાર્નેકલે, નાના બાર્નેકલને તે ક્ષેત્રમાંથી ખસેડી દીધા"

(A) ગોસ
(B) કાનેલ
(C) મેક આર્થર
(D) વિર્હુસ્ટ-પર્લ

(રફ કામ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

31) જો એક નિવસનતંત્રમાં ઉત્પાદકે સ્તરે 1000 J ઊર્જાનો સંગ્રહ થતો હોય તો, દ્વિતિય ઉપભોક્તા સ્તરે કેટલ
ઊર્જા પ્રાપ્ત થશે?

(A) 0.1 J (B) 1 J

(C) 100 J (D) 10 J

32) ............... દ્વારા જૈવ-વિવિધતા શબ્દ પ્રચલિત કરવામાં આવ્યો છે.

(A) ડેવિડ ટિલમેન (B) પૉલ એહરલિક

(C) એડવર્ડ વિલ્સન (D) વૉન હમ્બોલ્ટ

33) કોલમ - I, II અને III માટે યોગ્ય જોડ ધરાવતો વિકલ્પ કયો છે?

| કોલમ - I | કોલમ - II | કોલમ - III |
|---|---|---|
| i - એક સદની | p - સ્વફલન અને ગેઈટ્નોગેમી બંને અટકાવે છે. | x - દિવેલા મકાઈ |
| ii - દ્વિસદની | q - સ્વફલન અટકાવી શકાય છે; પરંતુ ગેઈટ્નોગેમી નહી. | y - પપૈયા ખજૂરી |

(A) I - ii II - q III - y

(B) I - i II - q III - y

(C) I - ii II - p III - x

(D) I - i II - q III - x


(રફ કામ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

34) A) **સામાન્ય વિદ્યાર્થીઓ માટે**

નીચે આપેલ આકૃતિમાં નિર્દેશિત ભાગ 'X', 'Y' અને 'Z' માટે સાચો વિકલ્પ પસંદ કરો.




(A) X - ઝોના પેલ્યુસીડા Y - પેરિવિટેલાઈન અવકાશ Z - કોરોના રેડીએટા

(B) X - ઝોના પેલ્યુસીડા Y - કોરોના રેડીએટા Z - પેરિવિટેલાઈન અવકાશ

(C) X - કોરોના રેડીએટા Y - ઝોના પેલ્યુસીડા Z - પેરિવિટેલાઈન અવકાશ

(D) X - કોરોના રેડીએટા Y - પેરિવિટેલાઈન અવકાશ Z - ઝોના પેલ્યુસીડા

34) B) **ફક્ત દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે**

મનુષ્યમાં ફલન દરમિયાન ............... અંડકોષમાં અન્ય શુક્રકોષના પ્રવેશને અટકાવે છે.

(A) કોરોના રેડીએટા (B) ઝોના પેલ્યુસીડા

(C) પેરિવિટેલાઈન અવકાશ (D) થીકા આવરણ

(રફ કામ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

35) નીચે પૈકી કયા STIs નું જૂથ સંપૂર્ણ સાધ્ય નથી?

(A) હિપેટાઈટીસ - B, જનનાંગિય હર્પિસ, HIV

(B) જનનાંગિય મસા, ક્લેમાડિયાસિસ, HIV

(C) ટ્રાયકોમોનિઆસિસ, HIV, સિફિલિસ

(D) ગોનોરિયા, HIV, ક્લેમાડિયાસિસ

36) જો રંગઅંધ પુરુષ સામાન્ય સમયુગ્મી દષ્ટિ ધરાવતી સ્ત્રી સાથે લગ્ન કરે તો, તેમના પુત્રોમાં રંગ અંધતાની સંભાવના કેટલી હશે?

(A) 25 % (B) 100 %

(C) 50 % (D) 0 %

37) HGP માં જનીનમાં જોવા મળતા બધા જીનોમના કોડિંગ અને નોન-કોડિંગ અનુક્રમોની જાણકારી પ્રાપ્ત કરી તેનાં કાર્યોને નિર્ધારિત કરાય છે. તેને શું કહે છે?

(A) એક્સપ્રેસ્ડ્ સિક્વેન્સ ટેગ્સ (B) બાયોઈન્ફોરમેટિક્સ

(C) સિક્વેન્સ એનોટેશન (D) સિંગલ ન્યુક્લિઓટાઈડ પોલિમોર્ફિઝમ

38) પ્રાકૃતિક પસંદગીની પ્રક્રિયામાં ઘણા વ્યક્તિગત સજીવો સરેરાશ ઉપરાંતનાં લક્ષણો પ્રાપ્ત કરે છે તે કઈ સ્થિતી તરફ દોરી જાય છે?

(A) વિક્ષેપક (B) સ્થિર

(C) સ્થિર-દિશાસૂચક બંને (D) દિશાસૂચક

39) સર્પવિષ વિરૂધ્ધ તૈયાર કરેલ એન્ટિબોડી એ કયા પ્રકારની પ્રતિકારકતાનું ઉદાહરણ છે?

(A) નિષ્ક્રિય પ્રતિકારકતા (B) સક્રિય પ્રતિકારકતા

(C) સ્વ પ્રતિકારકતા (D) એલર્જી

40) જૈવ-નિયંત્રકો તરીકે વર્તતા સૂક્ષ્મજીવો માટેનો સાચો વિકલ્પ કયો છે?

(A) ટ્રાયકોડર્મા, બકુલોવાઈરસ, બેસિલસ થુરિન્જિનેન્સિસ

(B) બકુલોવાઈરસ, ઓસિલેટોરિયા, રાઈઝોબિયમ

(C) એઝોટોબેક્ટર, ટ્રાયકોડર્મા, ગ્લોમસ

(D) એઝોસ્પિરીલિયમ, એનાબીના, બેસિલસ થુરિન્જિનેન્સિસ

(રફ કામ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


FREE!
JEE & NEET
GUJCET
ગુજરાતી - - English - - हिन्दी
• PYQ Mock Test
• Chapter & Topic-Wise PYQs (Updated 2026)
• NCERT Line by Line MCQs.
• AR, Statement, Diagram Based Questions.
• Detailed Step-by-Step Solutions
ExamBro
Preparing for Medical
Preparing for Engineering
# Exam Bro
CLICK HERE!
Download Now
EXAMBRO
For Students
Questions by Chapter
View All
JEE Mains
NEET
GUJCET
2026 Qs ADDED
Toolbox
NCERT Line by line
AR & Statement
Diagram
Chapter wise PYQ
View All
JEE Mains
NEET
GUJCET
2026 Qs ADDED
NEW
PYQ Mock Tests
Join Online Mock Tests
Chapter AI
Your Smart Learning Assistant for Every Chapter
Home
Tests
My Exams
Profile